શ્રી ભાવનગરની દાણાપીઠ તથા ગાંધિઆણા બજારનો ભોમિયો.

ભાગ ૧ લો.

શોધન કરી બનાવનાર.

શા. પ્રેમચંદ ભાણજી ભાવનગર.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

ઠક્કર. ભગવાનદાસ દેવશીભાઈ બુકસેલર

અમદાવાદ—ધીકાંટે "ધી ચંદ્રપ્રકાશ" પ્રીન્ટીંગ

પ્રેસમાં શા. કેશવલાલ ગુલાબચંદે છાપ્યો.

સંવત ૧૯૫૫. સને ૧૮૯૯.

કીંમત ૦-૧-૦.

શ્રી ભાવનગરની દાણાપીઠ તથા ગંધિયાણા બજારનો ભોમિયો.

ભાગ ૧ લો

શોધન કરી બનાવનાર.

શા. પ્રેમચંદ આણંદજી ભાવનગર.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

ઠકર. ભગવાનદાસ દેવશીભાઈ બુકસેલર

અમદાવાદ—ધીકાંટે "ધી [illegible]" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. કેશવલાલ ગુલાબચંદે છાપ્યો.

સંવત ૧૯૫૮. સને ૧૯[illegible]

કીંમત ૦-૧-૦.

પ્રસ્તાવના.

૧. આપણા આર્ય વનિ વેપારીઓને ખાસ જરૂરની ચોપડી છે કારણ કે અનાજ તથા વસાણામાં જુદી જુદી રીતે લાભવાની વઢીઆતી વીયાજ દલાલી તોલ વીગેરે કેમ કપાય છે તેની સમજુતી આપેલ છે.

૨. તેલ તથા ગોળના પણ જુદી જુદી જાતના તોલ બારદાન વીયાજની રીત આપવામાં આવેલ છે.

૩. રૂઉના ધોકડાની ખાંડીના હીસાબ ગણવાની સહેલી રીતો તથા હીસાબ સહીત દાખલ કરેલ છે.

૪. દરેક ચીજોના હિસાબ પણ આપવામાં આવ્યા છે.

૫. આ ચોપડી વાંચનારને તથા શીખનારને વીનતી કરવામાં આવે છે કે જે રીતભાત શીખો તે પાકી શીખજો કે જેથી આખી ઉમર સુધી પણ ભુલો નહિ.

જે મહેરબાનો અમારી ચોપડી લીઓ તેમણે અમારી સહી જોઇને લેવી. અસલ છે કે નકલ એજ વિનતિ.

લી. પી. બી. શાહ.
ઠે. દાણાપીઠ.

દોહરો.

પ્રેમ થકી સૌ વાંચશો,
મળશે સઘળો સાર,
ચંચળ થઇને ખરીદશો,
દઈ આનો એક વાર,
ભાવ દલાલી ને વળી,
ન રહે કાંઇ અજાણ,
જી સાહેબો વાંચીને,
સાધે કુલ પીછાણ.

લી. પી. બી. શાહ.

શ્રી ભાવનગરની દાણા પીઠ તથા ગાંધિઆણા બજારનો ભોમિયો.

૧ દેશી માલ એટલે ગાડા રસ્તે અથવાતો રેલવે રસ્તે આવતા માલની સુચના.

ગોધમ, બાજરો, જુવાર, અડદ, મગ, વીગેરે—તેમાંથી હરકોઇ માલ ગાડામાં આવ્યો હોય તો તેની લાભવાની આખે ગાડે માણુ કપાઇ છે. અને જો રેલવે રસ્તે ગુણો ભરાઇને આવી હોય તો કળશી એકે માણું અઢી એટલે રૂપીએ અઢી દોકડા કપાઇ છે. ઉપરના માલનો ભાવ નમીજ થાય છે અને તે માલનાં નાણા વેચનાર ધણીઓ રોકડા લેવા હોય અથવા તો વેચનાર ધણી ને આગલો લેવાવાળો આ શામી બોલાવીને રોકડા આપે તો વીયાજ દીન ૧૦ નું દશ આના પ્રમાણે કપાઇ છે.

૨ વછીઆતી અનાજ એટલે બંદર રસ્તે આવતા માલની સુચના.

૧ **જુવાર, બાજરો, ગોધમ, ચણા, મગ, અડદ, વાલ, ચણાની દાળ** વીગેરે—તેમાં લેખે એટલે વછીઆતી ભાવમાં કળશીએ રૂપીઓ એક કપાઈ છે ત્યાર બાદ હીસાબ ગણીને કળશીએ લાભવાની બે માણા એટલે રૂપીએ બે દોકડા કપાઇ તે કપાતાં બાકી રહે તેનું વીયાજ (દીન ૨૫ નું દશ આના પ્રમાણે) રૂપીએ પાઇ એક કપાઇ છે તે કપાતાં બાકી જે રહે તે નકી રૂપીઆ સમજવા.

૨ રોકડાના ભાવમાં વીયાજ વછીયાતી જાતી નથી પણ લાભવાની ઉપરની રીતે કાપી દેવી પડે છે.

૩ કળશીએ લાભવાની જો ઉપરથી બે માણા લીએ તો લાભવાનીના રોકડા કપાઇ નહિ.

દાખલા નીચે મુજબ.

જુવાર કા. ૧) દર રૂ ૪૧) લેખે નકી રૂ ૪૦) તેના રૂ ૪૦

બાદ બાા ૫ લાભવાની ૨૦ા વીયાજ } ૩૮ાા ૨૪ાા નકી રૂ
જુવારકા. ૧) દર રૂ ૪૦) રોકડે તેના રૂ ૪૦ }

બાદ બાા ૫ લાભવાની ૩૯) ૨૦ નકી રૂ

જુવાર કા. ૧) પાકી દ રૂ ૪૦) રોકડે તેના રૂા ૪૦)

૩ ચોખા તોલ તથા ભરતર સંબંધી

૧ ચોખા ભરતર એટલે માપથી ભરીને વેચાય તે તેનો કળશીનો ભાવ થાય છે કળશીના માણા ૧૦૦ થાય છે તેમાં લેખેના ભાવમાં કળશીએ રૂપીઓ કપાઇ છે વીયાજ રૂપીએ દશ બદામ (માસ ૧ નું દશ આના પ્રમાણે) કપાઇ છે બાકી જે રહે તે નકી રૂપીઆ

૨ રોકડાના ભાવમાં વીયાજ વછીયાતી કાંઇપણ જાતું નથી.

દાખલા

ચોખા કા. ૧) ૧ા દ. રૂ ૪૧) લેખે નકી રૂ ૪૦ તેના રૂ ૪૦ાા

બાદ ૦ા ૦ા વીયાજ ૪૦) ૨૪ાા નકી રૂ

ચોખા કા. ૧) ૧ા દ. રૂ ૪૦) રોકડે તેના રૂ ૪૦ાા

૩ ચોખા તોલ એટલે તોળીને વેચાય તેની રીત—તેનો હીસાબ ગુણનો ગણાય છે ગુણ ચાર મણની ગણાય છે તેમાં લેખેના ભાવ ગુણે બે આના વછીયાતી કપાઇ છે તે કાપીને ગણતાં જે હીસાબ

આવે તેમાંથી વીયાજ રૂપીએ અઢી દોકડા (માસ ૨ાા નું ટકા • મુજબ) કપાય છે તે કપાતા બાકી રહે તે નકી રૂપીઆ કહેવાઇ અને રોકડાના ભાવમાં વીયાજ વછીઆતી કાંઇપિણ જાય નહી

ચોખાની ગુણના હીસાબ ગણવાનું કોસ્ટક.

જેટલે રૂપીએ ગુણ તેટલા અરધાનું બે મણ
જેટલે રૂપીએ ગુણ તેટલા પાવલાનું એક મણ
જેટલે રૂપીએ ગુણ તેટલા બે આનાનું અરધો મણ
જેટલે રૂપીએ ગુણ તેટલા દોઢ આનાનુ પદર શેર
જેટલે રૂપીએ ગુણ તેટલા સવા આનાનું સાડા બારશેર
જેટલે રૂપીએ ગુણ તેટલા આનાનું પામણ
જેટલે રૂપીએ ગુણ તેથી પાંચગણે દોકડે આઠ શેર
જેટલે રૂપીએ ગુણ તેટલા પોણા આનાનું સાડા સાતશેર
જેટલે રૂપીએ ગુણ તેથી પોણા ચાર ગણે દોકડે ૭ શેર
જેટલે રૂપીએ ગુણ તેટલા અરધા આનાનું પાંચશેર
જેટલે રૂપીએ ગુણ તેથી અઢી ગણે દોકડે આરશેર
જેટલે રૂપીએ ગુણ તેટલા પા આનાનુ અઢીશેર
જેટલે રૂપીએ ગુણ તેથી સવા ગણે દોકડે બે શેર
જેટલે રૂપીએ ગુણ તેથી દશ ગણી બદામે શેર

દાખલા.

દશ	રૂપીએ	ગુણ	તો	બે મણનું	શુ	જવાબ	રૂ. ૫)
,,	,,	,,	,,	એક મણનું	શું	જવાબ	રૂ. ૨ા
,,	,,	,,	,,	અરધા મણનું શું		જવાબ.	રૂ. ૧ા
,,	,,	,,	,,	પંદર શેરનુ	શું	જવાબ	રૂ. ૦ાાા
,,	,,	,,	,,	સાડા બારશેર	શું	જવાબ	રૂ.૦ાા૩ા

,,	,,	,,	,,	દશ શેરનું શું	જવાબ	રૂ.	૦ાાઙ
,,	,,	,,	,,	આઠ શેરનું શું	જવાબ	રૂ.	૦ાા’
,,	,,	,,	,,	સાડાસાતશેરનું શું	જવાબ	રૂ.	૦ાઙા
,,	,,	,,	,,	છશેરનું શું	જવાબ	રૂ.	૦ાઙ
,,	,,	,,	,,	પાંચશેરનું શું	જવાબ	રૂ.	૦ા૰
,,	,,	,,	,,	ચારશેરનું શું	જવાબ	રૂ.	૦ા
,,	,,	,,	,,	અઢીશેરનું શું	જવાબ	રૂ.	ઙાા
,,	,,	,,	,,	એક શેરનું શું	જવાબ	રૂ.	૰

ઉપર મુજબ ગણવાની રીત ઘણી સેહેલી છે

૪ તુવેર દાળ સંબંધી—

તેમાં કળશીનો ભાવ થાય છે વછીઆતી કળશીએ રૂપીઆ કપાઈ ત્યારે હીસાબ ગણીને તેમાંથી લાભવાની કળશીએ માણું એક એટલે રૂપીએ દોકડો જાઈ છે ત્યારે વ્યાજ રૂપીએ દશ બદાગ કપાઈ છે બાકી રહે તે નકી રૂપીઆ.

દાખલો તુવેરદાળ કા. ૧) દર રૂ ૫ા૧ા લેખે નકી રૂ. ૫૦ા તેમાં રૂ. ૫૦ા બાદ ૦ાા લાભ ૦૰ વ્યાજ ૪૯ા૧૮ાા નકી રૂ.

રોકડાના ભાવમાં લાભવાની શીવાએ કાંઇ પણ જાતું નથી.

વસાણાની ચીજની નોંખી નોંખી રીતભાત.

દીવાસરીની પેટી—તેમાં ગુરૂસ ૫૦ નીકળે છે તેમાં ગુરૂસનો નકી ભાવ થાયછે સાડા બાર આને ગુરૂસ તો પેટીની કીમત શી જવાબ ૩૯)૰

ધાંસલેટ—દર પેટી દીઠ બે આના વછીઆતી જાય છે.

સાકર—રેવડી—પસ્તી—દર મણે બે આના જાય છે.

નાળીઅર—સોનગનો ભાવ થાય છે તેમા પણ બે આના જાયછે. ઉપરના ચીજમાં વછીઆતી શીવાએ કાંઇ પણ જાતું નથી.

૬ વસાણાની ચીજના તોલ બારદાન વ્યાજ દલાલી વછીઆતીની સમજણ નીચે મુજબ.

સોપારી—કાળીદરાખ—તેમાં તોલ ૪૦ શેર છે.

કાજુ—કાફી (કુમુન) ધાણા—જીરૂ—સુવા—વરીઆળી વીગેરે—તેમાં તોલ ૪૨ લો છે.

કોકમ—તોલ સાડી બેતાળો

શીંગપોતા—તોલ ૪૩ લો છે.

ખીશમીશ (લીલવાદરાખ) તોલ ૪૩ા લો છે.

ખાંડ વીલાતી—ખાંડબોરો—બારદાન એકવડું નંગે ત્રણશેર બેવડું સાડા ચારશેર.

ખાંડ મોરસ—દર નંગે છશેર.

ગુલાલ—દર નંગે સાબશેર.

ખોપરાના મુડા—દર નંગે સાડા આઠશેર.

હળદર—બારદાન બેવડું હોયતો અઢીશેર એકબડું હોયતો એક શેર.

ઉપરની દરેક ચીજમાં દર મણે બે આના વછીઆતીનાં જાય છે પછી હીસાબ ગણતા જે આવે તેમાંથી દલાલી નકી મણ અઢી દોકડા જાય પછી જે બાકી રહે તેમાંથી વ્યાજ રૂપીએ અઢી દોકડા કપાઇ છે પછી જે બાકી રહે તે નકી રૂપીઆ રોકડાના ભાવમાં ને બારદાન ઉપર ની રીત પ્રમાણે કપાઇ છે પણ તે શીવાએ કાંઇ જાય નહિ.

હાથ બારણે તોલીને આપી તેમાં તોલ વ્યાજ દલાલી કાંઇ પણ જાય નહિ નકી બાત હોય તો નકી ને પછી આવતી હોય તો મણે બે આના જાય છે.

૭ ખજુરના વાડીયા—પાટલા—અરબીયા—ખારેકનાં કંપા—

તોલ ૪૨ લો તથા ભાવ ખાંડીનો થાય છે તેમાં લેપેના ભાવમાં વછીઆતી ખાંડીએ રૂપીઓ તથા દલાલી નકી મણે અઢી દોકડા તથા બ્યાજ રૂપીએ અઢી દોકડા કપાઇ છે (ખાંડીના મણ ૨૦)

૮ **ખારેક ગુણ**–તેમાં તોલ ૪૦ શેર તેનો ભાવ ખાંડીનોજ થાયછે. ખજુરની રીત મુજબ વ્યાજ વછીઆતી દલાલી જાય છે.

૯ **મરચાં—લસણ**–તોલ ૪૨ લો કપાય છે તે શીવાય કાંઈ પણ જાતુ નથી.

૧૦ **મેથી**–તોલ ૪૨ લો વછીઆતી મણે બે આના વ્યાજ રૂપીએ દસ બદામ પ્રમાણે જાય છે.

૧૧ **ખોળ તથા કપાશીઆ**–તેનો ભાવ ખાંડીનો થાય છે ખાંડી વીશ મણની ગણાય છે તથા ભાવ નકીજ થાય છે.

૧૨ **કાથી દોરડા**–તોલ ૪૦ સો છે વછીઆતી મણે બે આના તથા વ્યાજ રૂપીએ દોકડો (માસ ૧ નું ટકા પ્રમાણે) કપાઇ છે.

૧૩ **તલ**—૪૧ લો છે ભાવ નકીજ થાય છે.

૧૪ જુદી જુદી તેલની રીતો.

તેલ ખોપરેલના ડબા–ભાવ નકીજ થાય છે બારદાન ડબે શેર અઢી કપાઈ છે તથા ખાલી ડબાના બે આના લેવાય છે.

તેલ એરંડીયું—દર ડબે બારદાન શેર. ૨॥ કપાઈ તે કપાતાં તોલ ૪૧॥ સો કપાઇ છે. ભાવ વછીઆતી થાય છે. એટલે બે આના કાપીને હીસાબ ગણવો પછી વ્યાજ રૂપીએ અઢી દોકડા કાપવા બાકી રહે તે નકી રૂપીઆ તથા ખાલી ડબાનો દોઢ આનો ગણાય છે.

તેલ બારસી—બારદાન ડબે શેર અઢી કપાઇ છે તોલ વીયાજ વછીઆતી ઉપરની રીતે કપાઇ છે પણ રોકડા લેનારને દીન આઠનું દસ આના મુજબ વ્યાજ કાપી દેવું પડે છે.

૧૫ જુદી જુદી જાતના ગોળના તોલ બારદાન વછીઆતી વ્યાજની સમજણ.

(૧) **ગોળના ચાકડા**—હીંદુસ્તાની તથા કોથળા, તોલ ૪૧ લો તથા ભાવ રોકડાના થાયછે કાંઇ જાતું નથી.

(૨) **ગોળના માટલા અમદાવાદી**–બારદાન માટલા ઉપર લખેલું હોય તેટલું કપાઇ છે, ભાવ રોકડાનો થાયછે કાંઇ વ્યાજ નથી.

(૩) **ગોળના ચાકલા મલબારી**–બારદાન તથા તોલ બંનેનો થઇને સાડીએતાલો તોલ કપાય છે ભાવ વછીઆતી થાયછે તેનાં બે આના કપાય છે વીઆજ રૂપીએ અઢી દોકડા કપાઇ છે બાકી જે રહે તે નકી રૂપીઆ.

(૪) **ગોળના રવા નાના તથા મોટા**–દર નંગે બસેર કપાઈ તે પછી બાકી મણ રહે તેનો તોલ ૪૧ લો કપાઈ વ્યાજ વછીઆતી ઉપર મુજબ.

(૫) **ગોળની હાંડી**—તેમાં દર નંગે શું થયું બશેર કપાઈ છે બારદાન સવામણનું એક મણ રહે (શું થીયું કપાતાં જે મણ રહે તેને ઉપરથી આઠશેર કાપી નાંખીએ તો તે પ્રમાણે નકી મણ રહે) પછી તોલ ૪૧ લો કપાઇ છે બાકી રહે તે નકી મણ વછીઆતી વીયાજ ઉપરની રીતે.

(૬) **ગોળના માટલા**--બીલી મોરા ગણદેવી તથા વલસાડી વીગેરે જે બંદર રસ્તે આવે છે તેમાં તોલ ૪૭ લો કપાઇ વીયાજ વછીઆતી ઉપરની રીતે

દાખલા.

ગોળના ચાકડા ૧૫ મણ ૪૧ા

બાદ ૧)૧ા તોલ ૪૧ લો ૪૦)૮ાાા નકી મણ દર રૂ ૨ાા નકી તેના રૂ. ૧૦૦ાા૪ાાા

ગોળના રવા ૨ મણ ૫)૪

બાદ ૦)૪ બારદાન ૦)૫ તોલ ૪ાાપ નકી મણ

દર રૂ. ૨ાા≈ લેખે નકી રૂ. ૨ાા તેના રૂ. ૧૨)≈

બાદ ૦ાપાા વીયાજ ૧૧ાા૧૩ા નકી રૂ.

ગોળની હાંડી ૧ મણ ૩।।ર
બાદ ૦)ર સુંગધુ ૦।।। બારદાન ૦)૩ તોલ
નકી મણ ર।।૭ દર રૂ. ર।।= લેખે નકી રૂ. ર।। તેના રૂ ૭।~
બાદ ૦)૧૮। વીયાજ ૭)૧૩ નકી રૂ.
ગોળના માટલા ર મણ ૩।।૧
બાદ ૦।।૧ તોલ ૪૭. ૩) નકી મણ
દર રૂ. ર।।= લેખે નકી રૂ. ર।। તેના રૂ. ૮।
બાદ ૦)ર૦।।। વીયાજ ૮)૪। નકી રૂ

૧૬ આગળ વસાણાની રીતો આપી તેમાંથી થોડાએક દાખલા.

૧ સોપારી ગુણ ૧ મણ ૩)૫ દર રૂ ૫)= લેખે નકી રૂ ૫) તેના રૂ૧૫।।=
બાદ ૦)-। દલાલી ૦।=। વીયાજ ૧૫)=।। નકી રૂ.
ર કાજુ ગુણ ૧ મણ ૩)૬
બાદ ૦)૬ તોલ ૪ર ૩) નકી મણ દર રૂ. ૪।।= લેખે
નકી રૂ. ૪।। નકી તેના રુ. ૧૩।।
બાદ ૦)૭।। દલાલી ૦।૮।। વીયાજ ૧૩)૯ નકી રૂ.
૩ શીંગનુ પોતું ૧ મણ ૧।।। પા
બાદ ૦)પા તોલ ૪૩ ૧।।। નકી મણ દર રૂ। ર।।= લેખે
નકી રૂ। ૪।। તેના રૂ ૪।=
બાદ ૦)૪।। દલાલી ૦)૧૦।।। વીયાજ ૪) રર। નકી રૂ
૪ ખીશમીશ બોરો ૧ મણ પા ૭।
બાદ ૦। ૭.। તોલ ૪૩।। ૫) નકી મણ દર રૂ પા।।= લેખે
નકી રૂ પા।। તેના રૂ। ૨૮।।
બાદ ૦)= દલાલી ૦।। ર૧।। વ્યાજ ર૭।।। ૧૬ નકી રૂ

૫ ખાંડ બોરસ ૨ મણ
બાદ ૦ા ૨ બારદાન ૮) નકી મણ દર રૂ ૪)= લેખે
નકી રૂ. ૪) તેના રૂ. ૩૨
બાદ ૦)૨૦ દલાલી ૦ાા૪ાા વીયાજ ૩૧)૦ાા નકી રૂ.

૬ ખાંડ કોથળી ૧મણ ૫)૩
બાદ ૦)૩ બારદાન એકવડું ૫) નકી મણદર રૂ. ૪ા= લેખે
નકી રૂ. ૪ા તેના રૂ. ૨૧ા
બાદ ૦)= દલાલી ૦ા૨ાા વીયાજ ૨૦ા.ાા નકી રૂ

૭ ગુલાલનું પોતું ૧ મણ ૪)૭
બાદ ૦)૭ બારદાન ૪) નકી મણ દર રૂ ૫)= લેખે
નકી રૂા ૫) તેના રૂ ૨૦)
બાદ ૦)૧૦ દલાલી ૦ા ૨૪ાા વીયાજ ૧૯ા ૧૫ા નકી રૂ.

૮ ખોપરાનો મુડો ૧ મણ ૪)૮ાા
બાદ ૦)૮ાા બારદાન ૪) નકી મણ દર રૂ ૫)= લેખે.
નકી રૂા ૫) તેના રૂ ૨૦)
બાદ ૦)૧૦ દલાલી ૦ા ૨૪ાા વીયાજ ૧૯ા ૧૫ નકી રૂ.

૯ હળદર ગુણ ૧ મણ ૪)૨ાા
બાદ ૦)૨ાા બારદાન એવડું ૪) નકી મણ દર રૂ ૪ાા= લેખે,
નકી રૂ ૪ાા નકી તેના રૂ ૧૮
બાદ ૦)૧૦ દલાલી ૦ા ૧૯ાા વીયાજ ૧૭ા= નકી રૂ.

૧૦ ખજુરના વાડીઆ ૨ મણ ૭)૪
બાદ ૦)૪ તોલ ૪૨ ૭) નકી મણ દર રૂ ૩૬) લેખે.
નકી રૂા ૩૫) તેના રૂ ૧૨ા
બાદ ૦)૧૭ા દલાલી ૦ા ૫ વીઆજ ૧૧ાા ૨ાા નકી રૂ.

૧૧ ખારેક હલવી ગુણ ૫ મણ ૨૦ ખાંડી ૧ દર રૂા ૨૮ાા લેખે
નકી રૂા ૨૭ાા તેના રૂા ૨૭ાા
બાદ ાા દલાલી ાા૧૭ાા વીયાજ ૨૬ા ૭ાા નકી રૂ

૧૨ મરચાના કોથળા ૧૫ મણ ૧૫ાા
બાદ ાા તોલ ૪૨ ૧૫) નકી મણ દર રૂ. ૫ાા નકી તેના રૂ ૮૨ાા

૧૩ મેથી ગુણ ૧ મણ ૪)૮
બાદ ૦)૮ તોલ ૪૨ ૪) નકી મણ દ. રૂ ૧ાા≈ લેખે.
નકી રૂા ૧ાા તેના રૂ ૭
બાદ ૦)૪ાા વીયાજ ૬ાા ૨૦ાા નકી રૂ

૧૪ ખાળાની ગુણ ૫ મણ ૧૯ાા ૫ ખાંડી ાા ૪ાા ૫
દર રૂ ૨૯) નકી તેના રૂ ૨૮ાા ૭

૧૫ તલની ગુણ ૧૦ મણ ૪૦)
બાદ ાા૯ તોલ ૪૧ ૩૯)૧ નકી મણ દર રૂા ૩) રોકડે તેના
રૂ ૧૧૭)૭ાા

૧૬ તેલ ખોપરેલના ડબા ૨ મણ ૨
બાદ ૦)૫ બારદાન ૧ાા ૫ નકી મણ
દર રૂ ૬ા નકી તેના રૂ ૧૧ાા≈ાા

૧૭ તેલ એરડીઆના ડબા ૨ મણ ૧ાા ૯
બાદ ૦)૫ાા બારદાન ૦)૨ા તોલ ૧ાા ૧ નકી મણ
દ. રૂ ૬)≈ લેખે નકી રૂા ૬ તેના રૂ ૧૦ાા૧૫
બાદ ૦ા૧ાા વીયાજ ૧૦ા૧૩ાા નકી રૂપીઆ

૧૮ તેલ બારસીના ડબા ૨ મણ ૨)૭ાા
બાદ ૦)૫ બારદાન ૦)૨ાા તોલ ૪૧ા ૨) નકી મણ
દ રૂ ૬ાા≈ લેખે નકી રૂા ૬ાા તેના રૂ ૧૩ાા
બાદ ૦ા૮ાા વીયાજ ૧૩)૧૬ા નકી રૂ.

૧૭ રૂના ઘોકડાના હીસાબ ગણવાની રીતનુ કાષ્ટક.

રૂનો ભાવ ખાંડીનો થાય છે. ખાંડીના મણ ૨૪.

જેટલે રૂપીએ ખાંડી તેટલા પાવલાનું છો મણ.
,, ,, ,, ,, બે આનાનું ત્રણ મણ.
,, ,, ,, ,, આનાનું દોઢમણ
,, ,, ,, તેથી દશગણી પાઇનું સવામણ.
,, ,, ,, તેથી આઠગણી પાઇનું એકમણ.
,, ,, ,, તેટલા અરધા આનાનું પોણોમણ.
,, ,, ,, તેથી ચારગણી પાઇનું અરધો મણ.
,, ,, ,, તેટલા ઢુદીઆનું પંદર શેર.
,, ,, ,, તેથી અઢીગણી પાઇનું સાડાબાર શેર.
,, ,, ,, તેથી બમણી પાઇનું દશ શેર.
,, ,, ,, તેટલા અરધા ઢુદીયાનું સાડાસાત શેર.
,, ,, ,, તેટલી પાઇનું પાંચ શેર.
,, ,, ,, તેથી અરધી પાઇનું અઢી શેર.

ઉપરની રીત હીસાબ ગણવામાં ઘણી સહેલી પડે છે.

દાખલા.

રૂનું ઘોકડું ૧ મણ ૨૩)૫ (બારદાન જતા નકી)
દર રૂ ૧૯૨ તેના રૂ ૧૮૫–૦–૦
રૂનું ઘોકડું ૧ બારદાન જતા નકી મણ ૨૭ા૫
દર રૂ ૧૮૦ તેના રૂ ૨૦૫–૫–૦
રૂનું ઘોકડું ૧ બારદાન જતા નકી મણ ૨૫ા
દર રૂ ૧૫૫) તેના રૂ ૧૬૩–૧–૨

રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૪॥ ૫
દર રૂ ૧૬૮ લેખે તેના ૧૭૨–૬–૦
રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૩॥ ૭॥
દર રૂ ૨૦૪) લેખે તેના રૂ ૨૦૩–૭–૬
રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૩
દર રૂ ૧૭૨) લેખે તેના રૂ ૧૬૬–૧૦–૦
રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૪) ૭॥
દર રૂ ૧૬૬) લેખે તેના રૂ ૧૬૪–૧૧–૩
રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૪) ૫
દર રૂ ૧૭૦ લેખે તેના રૂ ૧૭૦–૧૪–૨
રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૪) ૩॥
દર રૂ ૧૫૬) લેખે તેના રૂ ૧૫૬–૯–૯
રૂનું ઘોકડું ૧ બારદાન જતાં નકી મણ ૨૫) ૨॥
દર રૂ ૧૬૨) લેખે તેના રૂ ૧૬૯–૨–૮

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે આપણા આર્યવર્તની વેપારીઓને ખબર આપવામાં આવે છે કે અત્યાર સુધીમાં ઘણી ચોપડીઓ બહાર પડી ચુકી પણ આવી વેપારીને ઉપયોગી એક પણ ચોપડી નીકળી નથી કે જેની અંદર તમામ જાતના અનાજ વીશે તથા વસાણા વીશે તથા તેલ વીશે તથા ગોળ વિશે તથા ખજુર ખારેક વીશે રીતભાત તથા વ્યાજ દલાલી વધીઆતી વીગેરે તથા તોલ જે પ્રમાણે વળતર વળે છે તે પ્રમાણે દાખલા સહીત ગોઠવવામાં આવી છે માટે આ ચોપડીનો લાભ કોઇ પણ લીધા વીના રહેશે? સરવે માણસો લઇ શકે તેને માટે કીમત ફક્ત એક આનો રાખવામાં આવી છે એજ.

સીવાય જાત જાતના પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત કીમતથી મળશે નાટપેઇડ પત્ર લેવામાં આવશે નહીં.

પી. બી. શાહ.

સહી ઠક્કર ભગવાનદાસ દેવસીભાઇ

બુકસેલર.

ભાવનગર—ડે. મારને દરવાજે.